**અમદાવાદના મે. આઠમાં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી અમદાવાદ શહેરની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં. ૬૮૯૭૬/૨૦૧૯**

ફરીયાદી:– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપીઓ :– ૧.અનીલ કુલચંદ કુરીયા, ૨.રાહુલકુમાર રાજબહાદુર કુરીલ, ૩.દીલીપભાઈ ચંદ્રીકાપ્રસાદ કુરીલ, ૪.રામાભાઈ રામલખન નિશાદ, ૫.રામગીરીશ રામલલખન સુથાર, ૬.તુફાનીભાઈ લવટુભાઈ કેવટ, ૭.દીલાવરસિંહ કુબલાલસિંહ ચૌહાણ, ૮.ઈન્દર જંગીભાઈ સહાની,

**આરોપ :– જુગાર ધારા કલમ – ૧૨ મુજબ**

**:: ઠરાવ ::**

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીઓએ ગંજીપાના પત્તા વડે હાર–જીતનો જુગાર રમી, રમાડતા જુગારના સાહિત્ય સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો ગુનો કરેલ છે.

(૨) આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થીત થતા, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીઓની ગુના સબબ પ્લી નોંધતા, આરોપીઓએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે તથા આરોપીઓએ મુદ્દામાલ બાબતે નો–કલેઈમ પુરસીસ પણ રજુ કરેલ છે.

(૩) આરોપીઓએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીઓએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીઓને સજા કરવી જોઈએ તેમ માનું છું, પરંતુ આરોપીઓની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ''સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર'' ૨૦૦૫(૧) જી. એલ. આર. પાના નં.૭૦૯ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતા, આ કામમાં આરોપીઓને હાલના ગુના સબબની કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીઓ સામેના ગુનાને લક્ષમાં લેતા સામાન્ય કુટુંબના વાતાવરણમાંથી આવતા હોય, આવા પ્રકારના સંજોગોમાં તેઓની રજુઆતો લક્ષમાં લેતા આરોપીઓને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

**(૧)** મથાળે દર્શાવેલ આરોપીઓને બી.એન.એસ.એસ. કલમ– ૨૭૫ (ઓલ્ડ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨) મુજબ જુગાર ધારાની કલમ–૧૨ મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને પ્રત્યેક આરોપીને **રૂા.૩૦૦/–(અંકે રૂપિયા ત્રણસો) લેખે એમ મળીને કુલ રુા.૨,૪૦૦/– (બે હજાર ચારસો) પુરાનો દંડ** ભરવાનો હુકમ કરવામાં આવે છે.જો દંડ ભરવામાં કસુર કરે તો પ્રત્યેકને **દિવસ–૦૬(છ)** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મથાળે દર્શાવેલ આરોપીઓની અંગજડતીમાંથી જો મુદ્દામાલ મોબાઈલ/વાહન કબજે કરવામાં આવેલ હોય અને તે અંગે જો વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે.**વિકલ્પે** તેવો મુદ્દામાલ મથાળે દર્શાવેલ આરોપીને અપીલ સમય વીત્યા બાદ પરત કરવો.**જયારે** મથાળે દર્શાવેલ આરોપીઓની અંગજડતીથી કબજે કરવામાં આવેલ રોકડ રકમને અપીલ સમય વિત્યા બાદ સરકારશ્રીમાં ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. તથા **બાકીના** મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩).** હુકમ મુજબ લગત પોલીસ સ્ટેશન તેમજ આસીસ્ટન્ટ સુપ્રિન્ડેન્ડન્ટ ને યાદી કરવી.

હુકમ આજ રોજ સ્પે.સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૧૪/૧૨/૨૦૨૪

(પવનકુમાર એન.નવીન)
આઠમાં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર, (કોડ જીજે ૦૦૭૫૮)